**<u>સેનેટ (વાર્ષિક સભા)</u>**
**તા. ૧૬–૦૬–૨૦૧૧**

# <u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત</u>

# –: <u>કાર્યવાહી</u> :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના સેનેટ હોલમાં ગુરૂવાર, તા.૧૬–૬–૨૦૧૧ના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન માનનીય કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિએ સંભાળ્યું હતું.

## <u>સભામાં હાજરી નીચે પ્રમાણે હતીઃ</u>

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૧૬–૬–૨૦૧૧ |
|---|---|---|
| ૧. | ડૉ. શ્રીમતી કમલા (કુલાધિપતિશ્રી) | ગેરહાજર |
| ૨. | ડૉ. બી. એ. પ્રજાપતિ (કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (ભૂતપૂર્વ કુલપતિશ્રી) | ગેરહાજર |
| ૪. | –– (ઉપકુલપતિશ્રી) | –– |
| ૫. | શ્રી જે.આર. મહેતા (કુલસચિવશ્રી) | હાજર |
| ૬. | સેક્રેટરી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર | ગેરહાજર |
| ૭. | કમિશ્નર હાયર શિક્ષણ વિભાગ, ગાંધીનગર | ગેરહાજર |
| ૮. | ડાયરેકટર ટેકનીકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર. | ગેરહાજર |
| ૯. | કમિશ્નર હેલ્થ મેડિકલ સર્વિસ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર. | ગેરહાજર |
| ૧૦. | ડાયરેકટર, એગ્રિકલ્ચર, ગાંધીનગર. | ગેરહાજર |
| ૧૧. | ચેરમેન, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. | ગેરહાજર |
| ૧૨. | ડૉ. રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૩. | ડૉ. સુભદ્રા રાઘોથામન | હાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૧૬–૬–૨૦૧૧ |
| --- | --- | --- |
| ૧૪. | ડૉ. પંકજ કાંતિલાલ ગઢીયા | હાજર |
| ૧૫. | ડૉ. કે. સી. પોરીયા | હાજર |
| ૧૬. | ડૉ. ગણેશભાઈ એસ. પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. પરવેઝ અહમદ અબ્બાસી | ગેરહાજર |
| ૧૮. | ડૉ. પી. બહાદુર | ગેરહાજર |
| ૧૯. | ડૉ. એ. વેંકટરામન | હાજર |
| ૨૦. | ડૉ. રેણુકા ક્રિષ્નદાસ ગર્ગ | હાજર |
| ૨૧. | ડૉ. હરીશ ડી. ડોક્ટર | ગેરહાજર |
| ૨૨. | ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણી **(સભ્યપદ સ્થગિત)** | ––– |
| ૨૩. | ડૉ. કિરણભાઈ એમ. પંડયા | હાજર |
| ૨૪. | ડૉ. દમયંતીબેન પરમાર | હાજર |
| ૨૫. | ડૉ. (શ્રીમતી) મોહીનીબેન પંકજ ગઢીયા | ગેરહાજર |
| ૨૬. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૨૭. | ડૉ. રમણભાઈ ડી. પટેલ | હાજર |
| ૨૮. | VACANT | ––– |
| ૨૯. | VACANT | ––– |
| ૩૦. | આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | ગેરહાજર |
| ૩૧. | આ. ડૉ. વિકાસ એ. દેસાઈ | હાજર |
| ૩૨. | VACANT | ––– |
| ૩૩. | આ. ડૉ. વિનોદભાઈ ગુમાનભાઈ પટેલ | હાજર |
| ૩૪. | આ. ડૉ. શૈલેશકુમાર ગંભીરસિંહ માંગરોલા | હાજર |
| ૩૫. | ડૉ. શૈલેન્દ્ર ક્ષમાધર વાજપાઈ | ગેરહાજર |
| ૩૬. | VACANT | ––– |
| ૩૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૩૮. | આ. ડૉ. અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૩૯. | આ. ડૉ. હરેશભાઈ આર. પટેલ | હાજર |
| ૪૦. | આ. ડૉ. દિનેશભાઈ અંબુભાઈ પટેલ | હાજર |
| ૪૧. | આ. ડૉ. નાનુભાઈ ધેડકાભાઈ પટેલ | ગેરહાજર |
| ૪૨. | આ. શ્રી ભગતસિંહ દોલતસિંહ દોડિયા | ગેરહાજર |
| ૪૩. | VACANT | –– |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૧૬–૬– ૨૦૧૧ |
|---|---|---|
| ૪૪. | આ. શ્રી વસરામભાઈ કાલુભાઈ સંઘાણી | ગેરહાજર |
| ૪૫. | આ. ડૉ. જયોતિબેન મગનલાલ નાયક | હાજર |
| ૪૬. | આ. ડૉ. અશોક મોઘાભાઈ દેસાઈ | હાજર |
| ૪૭. | આ. ડૉ. સી.બી. કગથરા | હાજર |
| ૪૮. | આ. ડૉ. અશ્વિનકુમાર ધીરજલાલ પંડયા | હાજર |
| ૪૯. | ડૉ. યોગેશકુમાર લક્ષ્મીકાંત ભટ્ટ | હાજર |
| ૫૦. | આ. ડૉ. પ્રભુદાસ એમ. જલસણવાલા | હાજર |
| ૫૧. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૫૨. | આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૫૩. | આ. ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ | હાજર |
| ૫૪. | આ. ડૉ. જયંતિકુમાર મોરારજી નાયક | હાજર |
| ૫૫. | આ. શ્રી ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ | હાજર |
| ૫૬. | આ. ડૉ. જગદીશચંદ્ર મૂળજીભાઈ ગુર્જર | હાજર |
| ૫૭. | આ. ડૉ. જયેન્દ્રસિંહ પ્રહલાદસિંહ ગોહિલ | હાજર |
| ૫૮. | આ. ડૉ. વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૫૯. | આ. ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા | હાજર |
| ૬૦. | VACANT | ––– |
| ૬૧. | આ. ડૉ. જયંતિભાઈ સુરેશભાઈ ચૌધરી | હાજર |
| ૬૨. | આ. શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષી | ગેરહાજર |
| ૬૩. | આ. ડૉ. હેમાલીબેન અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૬૪. | VACANT | ––– |
| ૬૫. | ડૉ. પ્રતિભાબેન બી. દેસાઈ | હાજર |
| ૬૬. | ડૉ. બંકિમભાઈ પટેલ | ગેરહાજર |
| ૬૭. | આ. ડૉ. પંકજભાઈ સુબોધચંદ્ર દેસાઈ | હાજર |
| ૬૮. | VACANT | ––– |
| ૬૯. | આ. ડૉ. કે.એચ. તડવી | ગેરહાજર |
| ૭૦. | આ. શ્રી સુધીરભાઈ જાની | ગેરહાજર |
| ૭૧. | ડૉ. રાઉ જયોતિ રાગોથામન | ગેરહાજર |
| ૭૨. | આ. ડૉ. દિલીપભાઈ વરસાણી | હાજર |
| ૭૩. | આ. ડૉ. બાબુભાઈ એફ. ટંડેલ | ગેરહાજર |
| ૭૪. | ડૉ. સુનિલભાઈ આઈ. મરજાદી | હાજર |
| ૭૫. | આ. ડૉ. મહેશકુમાર નટુભાઈ વશી | હાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૧૬–૬– ૨૦૧૧ |
|---|---|---|
| ૭૬. | આ.ડૉ. નિતીનભાઈ મગનલાલ પટેલ | હાજર |
| ૭૭. | આ.ડૉ. હિતેન્દ્રસિંહ યશવંતસિંહ ખરવાસિયા | ગેરહાજર |
| ૭૮. | આ. ડૉ. ભાવિનકુમાર રમણલાલ નાયક | હાજર |
| ૭૯. | આ. ડૉ. વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૮૦. | આ. ડૉ. ભારતીબેન મનહરલાલ પંચોલી | હાજર |
| ૮૧. | આ. ડૉ. એન.પી. ચૌહાણ | ગેરહાજર |
| ૮૨. | આ. ડૉ. જાગૃતિ કમલેશ પટેલ | હાજર |
| ૮૩. | ડૉ. કલ્પના આષિત દેસાઈ | ગેરહાજર |
| ૮૪. | આ.ડૉ. વિજયકુમાર અનંતરાય જોષી | હાજર |
| ૮૫. | આ. ડૉ. દિનેશકુમાર રાજકમલ શાહ | ગેરહાજર |
| ૮૬. | આ.ડૉ. જયંત ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૮૭. | આ. ડૉ. રાજેન્દ્રપ્રસાદ માયાદત્ત પાંડેય | હાજર |
| ૮૮. | આ. ડૉ. હર્ષાવતી સી. પટેલ | હાજર |
| ૮૯. | આ. ડૉ. છાયા કમલ ગીરીશચંદ્ર | હાજર |
| ૯૦. | આ.ડૉ. અક્ષય અરૂણ બેંકર | ગેરહાજર |
| ૯૧. | આ.ડૉ. જશવતંકુમાર ઠાકોરભાઈ ચૌધરી | હાજર |
| ૯૨. | આ.ડૉ. મહેશ ગોવિંદભાઈ સરલાઈ | ગેરહાજર |
| ૯૩. | આ. ડૉ. ટીલવા કાંતીલાલ દેવજીભાઈ | હાજર |
| ૯૪. | આ. ડૉ. નાગસુરી રવીન્દ્ર માલાકોન્ડાઈહ | ગેરહાજર |
| ૯૫. | આ. ડૉ. આર. ક્રિષ્ણામુર્થી | હાજર |
| ૯૬. | આ. શ્રી પર્સી રૂસી એન્જિીનીયર | હાજર |
| ૯૭. | શ્રી યોગેશ સીતારામ પટેલ | હાજર |
| ૯૮. | શ્રી અમૃતભાઈ નાથાલાલ ત્રિવેદી | હાજર |
| ૯૯. | શ્રી પ્રવિણસિંહ દલપતસિંહ રાણા | હાજર |
| ૧૦૦. | શ્રી ભરતકુમાર મનુભાઈ નાયક | હાજર |
| ૧૦૧. | શ્રી કિશોરસિંહ ભગાભાઈ પરમાર | હાજર |
| ૧૦૨. | શ્રી જયકર લક્ષ્મીપ્રસાદ પંડયા | હાજર |
| ૧૦૩. | શ્રી કેતનકુમાર ચંદ્રકાંત દેસાઈ | હાજર |
| ૧૦૪. | શ્રી પ્રતેશ જંયતીલાલ શાહ | હાજર |
| ૧૦૫. | શ્રી નૈમિષ કમલેશભાઈ ઝવેરી | ગેરહાજર |
| ૧૦૬. | શ્રી પ્રદીપ ડી. મુન્શી | ગેરહાજર |
| ૧૦૭. | ડૉ. જાગૃતિ કમલેશ પટેલ | ––– |
| ૧૦૮. | ડૉ. રજનીકાંત ડાહયાલાલ પટેલ | હાજર |
| ૧૦૯. | ડૉ. કે. એન. ભટ્ટ | હાજર |
| ૧૧૦. | શ્રી પ્રવિણચંદ્ર મણિલાલ પટેલ | હાજર |
| ૧૧૧. | શ્રી કિરીટસિંહ જસવંતસિંહ વાંસદિયા | હાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૧૬–૬–૨૦૧૧ |
|---|---|---|
| ૧૧૨. | ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણી **(સભ્યપદ સ્થગિત)** | –– |
| ૧૧૩. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૧૧૪. | VACANT | ––– |
| ૧૧૫. | શ્રી મારૂતીસિંહ તખ્તસિંહ અટોદરિયા | હાજર |
| ૧૧૬. | શ્રીમતી મંગીબેન કે. મકવાણા | ગેરહાજર |
| ૧૧૭. | શ્રી રણજીતભાઈ ગીલીટવાલા | ગેરહાજર |
| ૧૧૮. | શ્રી ઈશ્વરભાઈ વાહીઆ | ગેરહાજર |
| ૧૧૯. | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર |
| ૧૨૦. | શ્રી હોશંગ જહાંગીરજી મિરઝા | હાજર |
| ૧૨૧. | શ્રી જીગ્નેશ ઉમાંકાતભાઈ કોન્ટ્રાકટર | ગેરહાજર |
| ૧૨૨. | શ્રી સમીર રામશંકર બાજપાઈ | ગેરહાજર |
| ૧૨૩. | ડૉ. અનિલકુમાર છોટુગીર ગોસ્વામી | હાજર |
| ૧૨૪. | શ્રી નિશાંત પ્રકાશચંદ્ર મોદી | હાજર |
| ૧૨૫. | શ્રી કિરીટકુમાર અમૃતલાલ પટેલ | ગેરહાજર |
| ૧૨૬. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨૭. | શ્રી અજય છીતુભાઈ ગામીત | હાજર |
| ૧૨૮. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૨૯. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૩૦. | શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩૨. | શ્રી મહેન્દ્રભાઈ એચ. ચૌધરી | હાજર |
| ૧૩૩. | ડૉ. ગિરીશભાઈ એચ. શાહ | હાજર |
| ૧૩૪. | શ્રી રિતેષકુમાર અમરસિંહ વસાવા | હાજર |
| ૧૩૫. | શ્રી વિજયભાઈ પટેલ | ગેરહાજર |
| ૧૩૬. | ડૉ. મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩૭. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | ગેરહાજર |

સભાની શરૂઆત યુનિવર્સિટી ગીતથી થઈ હતી ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા અને ત્યાર બાદ સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ગત વર્ષ દરમ્યાન દિવંગત થયેલ મહાનુભાવો/ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ફરજ બજાવતા કર્મચારીઓ પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને સર્વ દિવંગતોને શ્રંધાજલી આપી હતી. જે પૈકી કેટલાક નામો નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| (૧) | સ્વ. ડૉ. સી. એમ. દેસાઈ | : | ભૂતપૂર્વ આચાર્ય, પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત |
| (૨) | તા.૭–૪–૨૦૧૦ના બુધવારના રોજ નકસલવાદીઓ દ્વારા મૃત્યુ પામેલ ૭૬ પોલીસ કર્મચારીઓ. | | |
| (૩) | સ્વ. અંબાબેન પ્રજાપતિ | : | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માનનીય કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિના માતૃશ્રી |
| (૪) | સ્વ. ડૉ. માર્કંડભાઈ ભટ્ટ | : | વ્યાખ્યાતા, સી. એન. કોઠારી હોમીયોપેથીક કોલેજ, વ્યારા |
| (૫) | સ્વ. બાબુભાઈ પટેલ | : | ફીઝીકલ ઈન્સ્ટ્રકટર,કે.પી. કોલેજ ઓફ કોમર્સ, અઠવાગેટ, સુરત |
| (૬) | સ્વ. જેઠાલાલ ટોપીવાલા | : | શ્રી હેમંતભાઈ ટોપીવાલા (સિન્ડિકેટ સભ્યશ્રી)ના પિતાશ્રી |
| (૭) | સ્વ. વર્ષાબેન દિનેશચંદ્ર રાવલ | : | ડૉ.ઘનશ્યામભાઈ રાવલ (સિન્ડિકેટ સભ્યશ્રી)ના માતૃશ્રી |
| (૮) | સ્વ. વીણાબેન ભરતભાઈ નાયક | : | ડાયરેકટરશ્રી, જી.પી.એસ.સી. |
| (૯) | સ્વ. સી. ઝેડ. શાહ | : | ભૂતપૂર્વ આચાર્યશ્રી, વી. ટી. ચોકસી બી. એડ્ કોલેજ, સુરત. |
| (૧૦) | સ્વ.શ્રી શીવાભાઈ એચ. સોલંકી | : | પટાવાળાશ્રી, સમાજ વિજ્ઞાન ભવન, વી. ન. દ.ગુ. યુ., સુરત. |
| (૧૧) | સ્વ.શ્રી રમણભાઈ ટી. પટેલ | : | ચોકીદાર/ પટાવાળા, માસ કોમ્યુનિકેશન અને જર્નાલીઝમ વિભાગ, વી. ન. દ. ગુ. યુનિ., સુરત. |
| (૧૨) | સ્વ. એસ. પી. દરજી | : | ભૂતપૂર્વ આચાર્ય, બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારી. |

**માનનીય કુલપતિશ્રીએ સેનેટની સભામાં નવા નિયુકત થયેલ નીચેના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને વ્યકિતગત પરિચય આપ્યો હતો. તેમજ પરસ્પર સહકારની ભાવનાથી કાર્ય કરી યુનિવર્સિટીના વિકાસમાં તેઓનું યોગદાન આપશે એવી આશા વ્યકત કરી હતી.**

| **ક્રમ** | **સભ્યશ્રીનું નામ** | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. રાકેશ એન. દેસાઈ | : | પ્રા. અને વડા, અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| (૨) | ડૉ. પંકજ કાંતિલાલ ગઢિયા | : | પ્રા. અને વડા, જીવવિજ્ઞાન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| (૩) | ડૉ. ગણેશભાઈ એસ. પરમાર | : | પ્રા. અને વડા, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |

| | | | |
|---|---|---|---|
| (૪) | ડૉ. પરવેઝ અહમદ અબ્બાસી | : | પ્રા. અને વડા, સોશ્યોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| (૫) | ડૉ. શૈલેષકુમાર ગંભિરસિંહ માંગરોલા | : | આચાર્ય, શ્રી એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા, જિ.: નર્મદા. |
| (૬) | ડૉ. કાંતિલાલ દેવજીભાળ ટીલવા | : | આચાર્ય, સરકારી વિનયન કોલેજ, ડેડીયાપાડા, જિ.: નર્મદા. |
| (૭) | ડૉ. રવિન્દ્ર એમ. નાગાસુરી | : | આચાર્ય, શ્રીમતી બી.એન.બી. સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ, મુ.પો.: સલવાવ (વાપી), જિ.: વલસાડ. |
| (૮) | ડૉ. આર. ક્રિષ્નમૂર્થિ | : | આચાર્ય, ભગવાન મહાવીર કોલેજ ઓફ એમ.એસસી. બાયોટેકનોલોજી, ભરથાણા–વેસુ, સુરત. |
| (૯) | ડૉ. પર્સી રૂસી એન્જિનીયર | : | આચાર્ય, ફેકલ્ટી ઓફ આર્કિટેકચર, સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી (સ્કેટ), સુરત. |
| (૧૦) | ડૉ. મહેન્દ્રભાઈ એચ. ચૌધરી **(રાજય સરકાર દ્રારા નિમાયેલ)** | : | ડી–૫૦, રાધાબાગ સોસાયટી, શીશુમંદિર સ્કુલ પાછળ, શાસ્ત્રી રોડ, બારડોલી, જિ.: સુરત. |

**વય મર્યાદાને લીધે તથા અન્ય કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોને તેઓએ આપેલ સેવાની નોંધ લેવામાં આવી હતી જેની યાદી નીચે પ્રમાણે છે.**

| **ક્રમ** | **સભ્યશ્રીનું નામ** | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. ઈ.વી. રામક્રિષ્નન | : | પ્રા. અને વડા, અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| (૨) | ડૉ. મીનુ એચ. પરબીયા | : | પ્રા. અને વડા, જીવવિજ્ઞાન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| (૩) | ડૉ. શ્રીમતી સગુણાબેન જે. પાથી | : | પ્રા. અને વડા, સોશ્યોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| (૪) | ડૉ. નાનુભાઈ ડી. પટેલ | : | આચાર્ય, શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા, જિ.: નવસારી. |
| (૫) | ડૉ. અશોકભાઈ કે. શાહ | : | આચાર્ય, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નિઝર, જિ.: સુરત. |
| (૬) | ડૉ. માર્કંડભાઈ ભટ્ટ **(રાજય સરકાર દ્રારા નિમાયેલ)** | : | સ્નેહકુંજ કોલોની, બસ સ્ટેન્ડ પાસે, વ્યારા, જિઃ તાપી. |
| (૭) | શ્રી જયપ્રકાશ એન. શાહ **(સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના એક સભ્ય)** | : | ૬, "પુરૂષાર્થ", પંચરત્ન સોસાયટી ભાગ–૧, સ્નેહ સંકુલની વાડી સામે, આનંદમહલ રોડ, સુરત. |

**૧.** સેનેટની તા. ૨૫–૩–૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

સેનેટની તા. ૨૫–૩–૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબતની ચર્ચા ચાલતી હતી તે દરમ્યાન સેનેટ સભામાં એક વિદ્યાર્થી બળજબરીપૂર્વક અંદર દાખલ થઈ કુલસચિવશ્રી તથા માનનીય કુલપતિશ્રીના કાગળો ફેંકી દઈ તેઓ બેઠા હતા તેની સમક્ષનું ટેબલ આખું ઉધું વાળી દઈ તમામ કાગળો તથા અન્ય સામગ્રીઓ ફેંકી દીધી હતી. પછી ૨૦–૨૫ વિદ્યાર્થીઓનું ટોળું ધસી આવી સૂત્રોચ્ચાર કરી સભાની કાર્યવાહી ખોરવી નાંખી આતંકની પરિસ્થિતિ ઉભી કરી હતી. માનનીય કુલપતિશ્રી અને કુલસચિવશ્રી સલામતી માટે સભાખંડ છોડી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓના ટોળાંને બહાર કાઢી પોલીસને હવાલે કરી ફરી સભાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી.

અઘ્યક્ષશ્રી દ્વારા સભામાં થયેલી ગુંડાગીરીથી વિચલીત થયા વગર સમગ્ર ઘટનાને વખોડી ફરીથી સભાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી.

ત્યારબાદ શ્રી જે.એમ. નાયક, આચાર્યશ્રી, નવયુગ કોમર્સ કોલેજ, સુરતે સ્ટેટયૂટ–૫૯ હેઠળ સભા બરખાસ્ત **(Dissolve)** કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો, જેને ડૉ. કે.એન. ચાવડા, આચાર્યશ્રી, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીએ ટેકો આપ્યો હતો.

ત્યારબાદ અઘ્યક્ષશ્રી દ્વારા પ્રસ્તુત સભા બરખાસ્ત કરવા અંગેનો પ્રસ્તાવ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને સભાના સર્વ સભ્યશ્રીઓએ આ બાબતે સર્વાનુમતે સંમતિ દર્શાવી હતી.

ચર્ચા દરમ્યાન .....

**આ. શ્રી જે.એમ.નાયકઃ** મા.પ્રમુખશ્રી, દુષિત વાતાવરણમાં ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. ખુરશી–ટેબલ ફેંકવામાં આવ્યા છે. આ સભાનું અને આપણાં સૌનું અપમાન છે. તેઓની સામે પોલિસ કાર્યવાહી થવી જોઈએ. હવે અમારે કોલેજ લેવલે પણ આ બાબતે વિચારવાનું રહે છે.

**આ. ડૉ. અશોકભાઈ દેસાઈઃ** મા.અઘ્યક્ષશ્રી, જે પરિસ્થિતિમાંથી પસાર રહ્યા છે તે સુનિશ્ચિત છે, આને સબક શીખવાડવો જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**શ્રી હોશંગ મીરઝાઃ** મા.અઘ્યક્ષશ્રી, સંસ્થા કાયમી હોય છે અને વિશ્વવિદ્યાલયને ચોકકસ ગૌરવ અને ગરીમા હોય છે. તે ગૌરવનું જતન કરવાની જવાબદારી સૌની છે. યુનિવર્સિટીનું ગૌરવ જળવાવું જોઈએ. વ્યકિતના વિરોધમાં એ બાબત ચાલી જવા પામે તે બરાબર નથી. યુનિવર્સિટીની સભામાં વિદ્વાન સભ્યો ચર્ચા–વિચારણા કરતાં હોય અને બહારથી કોઈ ગેરકાનૂની તત્વો ઘૂસી આવે તે બરાબર નથી. આજે સેનેટ હોલમાં બન્યું છે, કાલે સિન્ડિકેટમાં બનશે, બોર્ડ ઓફ સ્ટડીઝની સભામાં, એચ.ઓ.ડી.ની કેબીનમાં કે કોઈ પ્રિન્સિપાલની ઓફિસમાં પણ બનશે. વિભત્સ અને ખરાબ વર્તન ન ચલાવી લેવાય. કયાંથી આવ્યા, કોણે મોકલ્યા એની સાથે આપણને કાંઈ લાગતું–વળગતું નથી. સભા બરખાસ્ત કરવાના પ્રસ્તાવ માટે સૌને બિરદાવું છું. આવી ઘટના સામે કડક પગલાં લેવાવા જોઈએ. યુવાનોને ગુમરાહ કરવામાં આવ્યા હતા. વિનંતી કરું છું કે તમામ સભ્યો પોતાની લાગણી નિર્ભય પણે રજુ કરે. સભા એટલાં માટે બરખાસ્ત કરીએ છીએ કે આવી ઘટના ભવિષ્યમાં ન બને તેનો સંદેશો સમાજમાં પ્રસરે.

**આ. ડૉ. જગદીશકુમાર ગુર્જર:** મા. અધ્યક્ષશ્રી, ખાસ વાત એ કરવાની કે હાલમાં યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટસ કે કોલેજોમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ લઈ રહ્યા છે તે વિદ્યાર્થીઓ પર આ પ્રકરણની અસર જરૂર થશે, જેથી આવા કૃત્ય કરનારાની સામે પગલાં લેવાવા જોઈએ. આવી દુર્ઘટનાને કોઈપણ સંજોગોમાં હળવાશથી લઈ શકાય નહિં. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**આ. ડૉ. જે. ટી. દેસાઈ:** મા. અધ્યક્ષશ્રી તથા માનવંતા સભ્યશ્રીઓ, આ દુર્ઘટના ખૂબજ દુ:ખદ છે. આ પ્રથમ વખતની ઘટના છે. આવી ઘટનાને ઉત્તેજન ન મળે તેવી કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**આ. ડૉ. ડી. એ. પટેલ:** મા.અધ્યક્ષશ્રી, આજે જે ઘટના બની છે તે કોઈપણ સંજોગોમાં ચલાવી લઈ શકાય તેમ નથી. હવે પછી આ કૃત્ય કરનારાઓને કડકમાં કડક સજા થાય તેવી પ્રક્રિયા થવી જોઈએ. ભવિષ્યમાં યુનિવર્સિટી કેમ્પસ કે કોલેજ કેમ્પસમાં આવી ઘટના ન બને તે માટે કાર્યવાહી થવી જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**શ્રી સંજયભાઈ દેસાઈ:** ગંભીર બાબત છે. ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે ચોકકસ પગલાં લેવાવા જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**આ. ડૉ. (શ્રીમતી) જાગૃતિ કે. પટેલ:** આઈ એગ્રી વીથ ડિસોલ્યુશન ઓફ ધી હાઉસ. આ પ્રકારની ચેષ્ટાથી ગૃહની કાર્યવાહી અટકાવી દઈએ તો તેનો દાખલો ઉભો થાય કે ૧૦–૧૫ વિદ્યાર્થીઓ ગૃહની કાર્યવાહી ખોરવી શકે છે.

**ડૉ. મહેન્દ્ર ચૌહાણ:** છેલ્લાં અડધા કલાક પહેલાં અકસ્માત કહી શકાય તેવા અકસ્માતનો ભોગ આ યુનિવર્સિટી બની છે તે વખોડવાને લાયક છે. જયાં સુધી શિક્ષણશાસ્ત્રીઓ છે ત્યાં સુધી આવા મઠ્ઠીભર તત્વો આ ગૃહને હલાવી શકશે નહિં. આ એક સત્યાગ્રહનો માર્ગ છે, સત્યનો હંમેશા વિજય થાય છે. ફરીથી સૌ સભ્યોને વિનંતી કરું છું કે સભા બરખાસ્ત કરવાના પ્રસ્તાવને સર્વાનુમતેથી પસાર કરીએ.

**ડૉ. કે. બી. પરમાર:** આજની ઘટના નજર સમક્ષ જોઈ તે ખૂબજ ધૃણાસ્પદ છે. અહીંથી અટકવાને બદલે પગલાં લેવાવા જોઈએ કે જેથી ભવિષ્યમાં આવી ઘટના ન બને. સમાજમાં દાખલો બેસાડવો જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**શ્રી હેમંતકુમાર ટોપીવાલા:** સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું. આ ઘટનાને વખોડીને આપની સાથે રહીએ છીએ.

| | |
|---|---|
| **આ. ડૉ. વિ. એ. જોષીઃ** | લોકશાહી છે અને વિરોધ કરવાનો સૌનો અધિકાર હોય છે તેમ હું માનું છું. પરંતુ વિરોધ વ્યકત કરવાની કોઈ ચોકકસ પ્રક્રિયા હોવી જોઈએ. આજનું વર્તન વખોડવા પાત્ર છે. ભવિષ્યમાં આ વિદ્યાર્થીઓને પણ આવી ઘટનાનો સામનો કરવો પડે. સૌ સભ્યોનું આ અપમાન છે. આ ઘટનાને વખોડું છું. ભવિષ્યમાં આવું વર્તન કરતાં પહેલા વિચારે. દરખાસ્તને ટેકો આપું છું. |
| **આ.ડૉ. વિનોદ પટેલઃ** | જે ઘટના બની છે તે નિંદનીય છે. આવી ઘટનાની સામે ઝૂકી જવાની જરૂર નથી. પ્રક્રિયાને ચલાવવી જોઈએ, અશિસ્ત સામે પગલાં લેવાવા જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું. |
| **ડૉ. કિરણ પંડયાઃ** | સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું. આવી ઘટનાને વખોડું છું. |
| **શ્રી કિરિટસિંહ વાંસદિયાઃ** | સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું. પોલિસની કાર્યવાહી થવી જોઈએ. કોલેજમાંથી ઈલેકશન કાઢી નાંખવા જોઈએ. |
| **ડૉ. રાકેશ દેસાઈઃ** | સભાની શરૂઆતમાં સ્ટેચ્યુટની વાત કરીએ અને બીજા સમયે ટેબલ ફેંકી દેવામાં આવે તે બરાબર નથી. ટેબલ ઉછાળવા એ ચિંતાનો વિષય છે. જે બાબત બની તે વખોડવા પાત્ર છે. |
| **આ. ડૉ. અશ્વિનભાઈ પટેલઃ** | રાકેશભાઈની વાતને હું સંપૂર્ણ ટેકો આપું છું. |
| **આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈઃ** | મને ખ્યાલ છે ત્યાં સુધી છેલ્લા ૨૦ વર્ષથી હું આવું છું. ૨૦ વર્ષમાં આ સૌથી ખરાબ ઘટના બની છે. હાઉસને ડિસ્ટર્બ કરવામાં આવ્યું છે તે દુઃખદ ઘટના છે. વી આર નોટ એડજોર્નીગ ધી હાઉસ, બટ વી ઓન્લી ડિઝોલ્વ ધી હાઉસ. ઠરાવ પસાર કરીને સભા ડિઝોલ્વ કરીએ. |
| **ડૉ. પંકજ ગઢીયાઃ** | જે વિદ્યાર્થીઓ અંદર ઘૂસી આવ્યા તેઓની સામે પગલાં લેવાવા જોઈએ. સભા ડિસોલ્યુશનના પ્રસ્તાવને હું ટેકો આપું છું. |
| **શ્રી હોશંગ મીરઝાઃ** | આપ સૌનું ધ્યાન ખેંચું છું કે આ ડિબેટ પછી આ હાઉસ ડિઝોલ્વ થાય છે તેનો પ્રસ્તાવ મૂકવામાં આવે. |
| **આ. ડૉ. કે.એન.ચાવડા :** | સર્વાનુમતે સભા બરખાસ્તની દરખાસ્ત પાસ કરીએ. |

**ચર્ચા વિચારણાના અંતે, સેનેટની સભા ગેરકાનૂની ધાંધલ ધમાલને કારણે સર્વાનુમતે બરખાસ્ત કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો તથા તોફાની તત્વોની સામે કુલસચિવશ્રી દ્વારા ફોજદારી ગુનો દાખલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

ક્રમાંકઃ એસ–૩ (૧)/ ૭૫૮૭ / ૨૦૧૧ **કુલસચિવ**
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા. ૧૯–૦૭– ૨૦૧૧

**પ્રકાશક :** શ્રી. જે. આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.

**પ્રતિ,**
સેનેટના સર્વ સભ્યશ્રીઓ.........